## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જો આપણી કઠણાઈ... બે પાર્ટી જ છે આપણી પાસે અને બન્ને જ્યુસ કાઢવાની જ વાત કરે છે...!!

## ચૌધરી નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીઓએ શપથ લીધા

ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં બેઝીક બી.એસ.સી. નર્સિંગના પ્રથમ વર્ષના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો લેમ્પ લાઈટીંગ અને ઓથ સેરેમની યોજાયો હતો. ૨૮ ફેબ્રુઆરીના રોજ કોલેજ કોમ્પસમાં યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. જેમાં ડૉ. પ્રજ્ઞા ડાભી, ડૉ. નરેન્દ્ર પી. સાંઘવી, ડૉ. પ્રફુલ નાયક, ડી.જી. ચૌધરી તેમજ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, એકસ. પ્રમુખ મણિભાઈ ચૌધરી, અન્ય ટ્રસ્ટી માધુભાઈ ચૌધરી, એસ.આર. ચૌધરી, એમ.એમ. ચૌધરી, શંકરભાઈ ચૌધરી તેમજ કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી અને ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગના પ્રિન્સીપાલ ડૉ. મયુક જૈન તેમજ ફેકલ્ટી મેમ્બર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સે-૨૧માં હાઈમાસ્ક ટાવરની લાઈટ ૨૪ કલાક ચાલુ રહે છે

### જયારે સે-૨૧ના પાર્કિંગમાં છેલ્લા એક મહિનાથી લાઈટો બંધ હાલતમાં છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ મેઈન શોંપીગમાં તંત્ર દ્વારા ઉભા કરવામાં આવેલા હાઈમાસ્ક ટાવરની લાઈટો છેલ્લા ૨૪ કલાકથી નિરંતર ચાલુ છે. જયારે શોંપીગના પાર્કીંગમા છેલ્લા એક માસથી લાઈટ ડુલ છે. ત્યારે જે સ્થળ પર લાઈટની ખરેખર જરુર છે. ત્યાં વેપારીઓની વારંવાર રજુઆત છતા તંત્ર દ્વારા લાઈટ શરુ કરવામાં આવતી નથી.

રાજય સરકાર દ્વારા વિજબચતની સુફિયાણી વાતો કરવામાં આવે છે. વિજ બચત કરવા માટે નાગરીકોને પ્રચાર અને પ્રસાર માધ્યમ દ્વારા સમજાવામાં આવે છે. રાજય સરકાર



વિજબચતને લઈ આટલી બધી ગંભીર હોય ત્યારે તંત્ર દ્વારા જ શહેરમાં ઠેકઠેકાણે વિજપોલ ચોવીસ કલાક ચાલુ હાલતમાં નજરે પડે છે. ત્યારે સરકારી તંત્રમાં તો રામ રાજય અને પ્રજા સુખી હોય તેવું લાગે છે. શહેરના સેકટર-૨૧માં શોંપીગ સેન્ટરમાં અંધકાર જોવા ન મળે અને સમગ્ર શોંપીગમાં અજવાળું પથરાય તે માટે હાઈમાસ્ક ટાવર ઉભો કરવામાં આવ્યો છે પરંતુ આ ટાવરની લાઈટો છેલ્લા ૨૪ કલાકથી નિરંતર ચાલુ હાલતમાં છે કોઈપણ બંધ કરતું નથી. અને આ દ્રશ્ય જોઈ વિજબચતના લીરેલીરા ઉડતા હોય તેવું લાગી રહ્યું છે. જયારે પાર્કીંગમાં વાહનચાલકોને તેમજ રાહદારીઓને લાઈટની જરુર છે ત્યાં મહિનાથી લાઈટો બંધ હાલતમાં છે. વેપારીઓ દ્વારા વારંવારની રજુઆત છતા તંત્ર દ્વારા લાઈટો શરુ કરી નથી. ત્યારે હાઈમાસ્ક ટાવરની લાઈટો જોઈ સૌ નાગરીકોના મનમાં રોષ જોવા મળી રહ્યો છે.

# મિલ્કતવેરાના ૨૫૦થી વધુ બાકીદારોને નોટીસ ફટકારતુ મનપા

### ૧૦મી માર્ચ પછી શહેરમાં બાકીદારોની મિલ્કતોનું સિલીંગ કરવાનું શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે રૂ. ૧૦ હજારથી એક લાખ સુધીનો મિલ્કતવેરો ભરવાનો બાકી છે તેવા ૨૫૦થી વધુ મિલ્કતધારકોને નોટીસો ફટકારી છે. મહાનગરપાલિકા દ્વારા માર્ચ એન્ડીંગ આવી રહ્યુ હોવાથી મિલ્કતવેરાની વસુલી પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે. આજે અપાયેલી આ નોટીસમાં સાત દિવસનો સમય મિલ્કતધારકને આપવામાં આવેલ છે અને જો સાત દિવસમાં વેરાની ભરપાઈ નહિ કરાય તો સિલીંગ જેવા આકરા પગલાં લેવામાં આવશે.

મિલ્કતવેરાની આ વર્ષે મનપા દ્વારા ૨૩ કરોડની વસુલાત કરવામાં આવી છે. નોટબંધીને પગલે આ વેરા વસુલાતમાં સારી એવી આવક મનપાને થઈ હતી. જો કે આ પછી પણ હજુ મિલ્કતવેરાના બાકીદારોની સંખ્યા વધુ જણાતાં માર્ચ માસને લઈ તંત્ર હરકતમાં આવ્યુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપાએ ચાલુ વર્ષમાં મિલ્કતવેરાની વસુલીનો રૂ. ૩૦ કરોડનો લક્ષ્યાંક અંદાજપત્રમાં અંદાજ્યો હતો. જેની સામે ૨૩ કરોડની વસુલી થઈ ગઈ છે.

મળતી વિગતો પ્રમાણે મનપા દ્વારા બાકીદારોને નોટીસ ફટકારવામાં આવ્યા બાદ ૧૦મીથી મિલ્કતોને સીલીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટે તંત્રએ નગરને ૪ ભાગમાં વહેંચી ૪ ટીમોની રચના પણ કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.



## વસંતોત્સવમાં મનોરમ્ય હોળી નૃત્ય...!!

રંગ-નૃત્ય સાથે સમૃધ્ધિનો ઉલ્લાસ માણવાનો તહેવાર એટલે હોળી. ફાગણ માસ અને વસંતના વૈભવનો અનોખો સંગમ એટલે હોળી. ફુલગુલાબી ઠંડીમાં ઉનાળાની ગરમીનો પ્રારંભનો ગરમાવો જયાં ભેળવાતો હોય તેવી આ ઋતુમાં સૌનો મનગમતો તહેવાર હોળી ઉજવાય છે. ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે ઉજવાઈ રહેલા વસંતોત્સવમાં શુક્રવારે અમદાવાદની ક્રિશ્ના ડાન્સ એકેડેમીના રાધિકા મારફતિયા એન્ડ ગૃપ દ્વારા મનોરમ્ય હોળી નૃત્ય રજુ કરાયું હતું. માત્ર ૯ વર્ષની ઉંમરથી નૃત્ય ક્ષેત્રે પગલાં માંડનાર રાધિકા મારફતિયાનું આ ગૃપ મોઢેરા, અંબાજી અને ઉદયપુર સહિત દેશભરમાં અનેક સ્થળે આ નૃત્ય રજૂ કરી પ્રસંશા પામી ચુકયું છે.

# રતનપુર બોર્ડરથી ગુજરાતમાં પ્રવેશતી ખીચોખીચ દારૂ ભરેલી ટ્રક પકડાઈ

### ગાંધીનગર આર.આર.સેલે રૂ.૨૭.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : હોળી-ધુળેટી પર્વે દારુની રેલમછેલ અટકાવવા બોર્ડર પર વિશેષ વોચ

ગાંધીનગર, તા.૩

હોળી-ધુળેટીના તહેવારો આવી રહ્યા છે ત્યારે દારુની રેલમછેલ ગુજરાતમાં ન થાય તેની ખાસ તકેદારી રાખવા રાજય પોલીસવડાના આદેશથી બોર્ડર પર ખાસ ચેંકીગ અને વોચ ગોઠવવામાં આવી છે. ગાંધીનગર રેન્જ આઈજી આર.બી. બ્રહ્મભટ્ટની આર. આર. સેલ. સ્કવોર્ડ દ્વારા પણ બોર્ડર વિસ્તારમાં સતત વોચ રખાઈ રહી છે. આજે આર.આર.સેલ.ના પીએસઆઈ કે.ડી.બારોટ અને તેમની ટીમે બાતમીના આધારે રતનપુર બોર્ડર પરથી ખીચોખીચ દારુ બીયરનો જથ્થો ભરેલી ટ્રક ગુજરાતમાં પ્રવેશતા જ પકડી પાડી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ આર.આર.સેલના પીએસઆઈ કે.ડી.બારોટ રતનપુર બોર્ડર પર



વોચમાં હતા ત્યારે તેમને બાતમી મળી હતી કે ટ્રક નં. આર.જે. ૨૨. જી. ૨૯૯૯માં કંડમ પ્લાયવુડની શીટોની આડશમાં ગેરકાયદેસર વિદેશી દારુ ભરેલો છે. અને આ ટ્રક ગુજરાતમાં પ્રવેશી રહ્યો છે. ત્યારે બાતમી વાળી ટ્રક દેખાતા તેઓએ ઉભી રાખવાની સુચના આપતા ડ્રાઈવરે ટ્રક ઉભી નહી રાખીને ઈડર-ભિલોડા માર્ગ પર હંકારી હતી. તાત્કાલીક આરઆરસેલે ઈડર પોલીસને જાણ કરી હતી. ઈડર પોલીસ ઈન્સ્પેકટરે ભિલોડા ત્રણ રસ્તા પર નાકાબંધી કરતા ટ્રક ચાલક પાવન હોટલ પાસે ટ્રક ઉભી રાખી પલાયન થઈ ગયો હતો. પોલીસે આ ટ્રકમાંથી પ્લાયવુડની શીટો હટાવીને જોતા તેમાં વિદેશી દારુનો મોટો જથ્થો હતો. આ દારુ નીચે ઉતારીને તપાસ કરતા પેટી નં-૭૩૭, બોટલ નંગ-૩૫,૩૭૬ કિંમત રૂ.૧૭, ૬૮. ૮૦૦ તથા ટ્રકની કિંમત રૂ.૧૦ લાખ ગણતા કુલ રૂ. ૨૭,૬૮,૮૦૦ નો મુદામાલ કબ્જે કરી ઈડર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દિવ્યાંગ બાળકો માટે તાલીમ વર્કશોપ યોજાયા

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અને જિલ્લા શિક્ષણાધિકારી ગાંધીનગર દ્વારા શ્રી નવજીવન સાર્વજનિક એજયુકેશન ટ્રસ્ટના દિવ્યાંગ બાળકોને વિશિષ્ટ શિક્ષકો દ્વારા સંસ્થાઓની ફિલ્ડ વિઝીટ અને દિવ્ગાંય બાળકોના શૈક્ષણિક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

દિવ્યાંગ બાળકોને ધો-૯ થી ૧૨માં ઉપયોગી તેમજ પ્રિ. વોકેશનલ તાલીમમાં ૧૦૦ જેટલા ટીએલએમ બનાવવામાં આવ્યા હતા. પ્રોગ્રામ મેનેજર રાજેન્દ્રભાઈ પંડયા અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના એ.ડી.આઈ. પંકજભાઈ પટેલ તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રિન્સીપાલ આઈ.બી. પટેલે રૂબરૂ મુલાકાત લઈ શિક્ષક મિત્રોને પ્રોત્સાહીત કર્યા હતા.

# રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આવતીકાલે બી.આર.સી. અને સી.આર.સી. માટે કસોટી

### જિલ્લાની ૨૮ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ૮૫૦૦ જેટલા ઉમેદવારો પરીક્ષા આપશે : પી.એસ.આઇ.ની ભરતી માટે પણ બે દિવસ લેખિત કસોટી

ગાંધીનગર તા ૩

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આવતીકાલે સી આર સી અને બી આર સીની પરીક્ષા લેવાશે આ માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી આયોજન કરી દેવાયુ છે. જિલ્લામાંથી ૮૫૦૦ જેટલા ઉમેદવારો આ પરીક્ષા આપશે. આ પરીક્ષા ઓ એમ આર પધ્ધતિથી લેવાશે. જિલ્લાની ૨૮ શાળાઓમાં પરીક્ષાલક્ષી બેઠક વ્યવસ્થા નિયત કરવામાં આવી છે.

માર્ચ મહીનામાં પરીક્ષાની મોસમ નિખરી છે. આગામી તા ૧૫ માર્ચથી બોર્ડની પરીક્ષાનો પણ પ્રારંભ થશે. જયારે આ પરીક્ષાને અનુલક્ષી હાલ વિદ્યાર્થીઓ તૈયારીમાં ગળાડુબ બન્યા છે. બીજીતરફ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા સમયાંતરે યોજાતી વિવિધ કસોટી અન્વયે પણ માર્ચ મહીનામાં પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા ૫ માર્ચના રોજ સવારે ૧૧ થી ૧ કલાક દરમિયાન સી આર સી અને બી આર સી ની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સી આર સીની પરીક્ષામાં જિલ્લામાંથી ૫૫૦૭ પરીક્ષાર્થીઓ હાજરી આપશે. જયારે આ માટે ૧૮ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઓ એમ આર પધ્ધતિથી પરીક્ષા લેવાશે. જયારે બી આર સી ની પરીક્ષામાં પણ ૨૯૬૨ પરીક્ષાર્થીઓ હાજરી આપશે. જયારે આ માટે જિલ્લાની ૧૦ શાળાઓમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનારી આ કસોટી સંદર્ભે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તમામ વ્યવસ્થા કરી દેવાઈ છે. આ ઉપરાંત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પી એસ આઈની ભરતી સંદર્ભે પણ લેખિત પરીક્ષા લેવાશે. જેમાં અગાઉ ૧૦ ઉમેદવારોમાંથી ઉત્તિર્ણ થયેલા ૪૫૨૫ ઉમેદવારો આ પરીક્ષામાં હાજરી આપશે. જિલ્લાના વિવિધ ૧૬ સેન્ટરો પર પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા ૪ માર્ચના રોજ ગુજરાતી અને અંગ્રેજી વિષયની કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે તા ૫ માર્ચના રોજ સામાન્ય જ્ઞાન ની કસોટી લેવાશે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ફેન્સિંગમાં નેશનલ ચેમ્પિયન

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ લિંબડી મુકામે ફેન્સિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં વેસ્ટ ઝોનમાં ચૌધરી રીતુ ભરતભાઈ અને પટેલ દ્રષ્ટિ દિનેશભાઈ નેશનલ ચેમ્પિયન બનેલ છે. આ ઉપરાંત એપ્પીમાં પણ દ્વિતિય નંબર મેળવેલ છે. આ માટે યોગ્ય માર્ગદર્શન અને ટ્રેનીંગ ઉષાબેન દરજીએ આપી હતી. આચાર્યાશ્રીએ બંને વિદ્યાર્થીની બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.



ગાંધીનગર તાલુકાના ખોરજ ગામે મેલેરિયા તંત્ર દ્વારા દાતાઓ તરફથી મળેલ મચ્છરદાની દવાયુક્ત કરી અને સગર્ભા મહિલાઓને વિતરણ કરવાનો કાર્યક્રમ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

# ગૃહમંત્રી પર જુતુ ફેંકનાર ગોપાલ બે દિવસના રિમાન્ડ પર

### હૂમલાના કાવતરા પાછળ કોણ ? તે અંગે ઈન્ટ્રોગેશન કરાશે

ગાંધીનગર, તા. ૩

વિધાનસભામાં પ્રવેશ કરીને ગોપાલ ઈટાલીયા નામના યુવાને ગૃહમંત્રી પ્રદિપસિંહ ઉપર જુતુ ફેંકીને હૂમલો કર્યો હતો. ગાંધીનગર પોલીસે તેની ધરપકડ કરી લઈને તેની સામે આકરી કલમો લગાવી આજે તેને કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે આજે ગોપાલની પુછપરછ માટે રવિવાર બપોર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. એલસીબીની ટીમે આરોપી ગોપાલની સઘન પુછપરછ શરૂ કરી છે. ગૃહ પ્રધાન પ્રદિપસિંહ જાડેજા ગઈ કાલે મીડીયાને બાઈટ આપી રહ્યા હતા ત્યારે અગાઉ પણ એકવાર સોશ્યલ મીડીયામાં નિતિન પટેલ સાથેની વાતચીત વાયરલ કરી વિવાદમાં



આવેલા ગોપાલ ઈટાલીયાએ જુતુ ફેંકી હુમલો કર્યો હતો. ગાંધીનગર પોલીસે તેને દબોચી લઈ તેની સામે આઈપીસી કલમ ૩૩૨, ૩૩૭, ૩૫૨, ૩૫૩, ૩૫૫, ૪૪૭ અને ૧૨૦(બી) મુજબ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લીધી હતી. રાત્રે એસઓજી કચેરીમાં અને ત્યાર બાદ એલસીબી કચેરીમાં રાખીને આજે ગાંધીનગર કોર્ટમાં રજુ કરી પોલીસે ગોપાલની વધુ પુછતાછ માટે રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે આરોપી ગોપાલના ઈન્ટ્રોગેશન માટે રવિવાર બપોર ત્રણ વાગ્યા સુધીના એટલે કે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. એલસીબીની ટીમે આ ગોપાલ કેવી રીતે પ્રવેશ્યો ? તેનો ઈરાદો શુ હતો ? કોના કહેવાથી તેણે આ કૃત્ય કર્યુ ? તે કોનો ચહેરો છે ? તે સહિતની બાબતો જાણવા ઈન્ટ્રોગેશન શરૂ કર્યુ છે.

### ગોપાલનું નિશાન ગૃહમંત્રીની પાછળ ઉભેલા આત્મારામ હતા..!

ગોપાલ ઈટાલીયાએ પહેલુ જુતુ માર્યુ ત્યારે ગૃહમંત્રી ઉપર ગયુ હતુ. ત્યાર બાદ ગૃહમંત્રી ખસી ગયા તેમ છતાં ગોપાલે બીજુ જુતુ પણ પહેલાની દિશામાં જ માર્યુ હતુ. ગૃહમંત્રી પ્રદિપસિંહની પાછળ ગઢડા ધારાસભ્ય આત્મારામ પરમાર ઉભા હતા. એટલે કે બીજુ જુતુ આત્મારામ પરમાર જ્યાં હતાં તે દિશામાં ફેંક્યુ હોવાથી ગોપાલનો ટાર્ગેટ આત્મારામ પરમાર હોવાની પણ શંકા છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગોપાલ જ્યારે મહિના પહેલા ઓડીયો રેકોર્ડીંગ પ્રકરણમાં ફસાયો હતો અને ક્રાઈમ બ્રાન્ચે તેની ધરપકડ કરી હતી ત્યારે ધંધુકા રહેતા ગોપાલના પિતાએ આત્મારામ પરમારને ફોન કરીને મદદ માંગી હતી. અને યોગ્ય જવાબ આપ્યો ન હોવાથી તેની દાઝ કાઢવા માટે ગોપાલે આત્મારામ પરમારને નિશાન બનાવ્યા હોવાની પણ ચર્ચા છે. જો કે પોલીસે આ દિશામાં પણ ઈન્ટ્રોગેશન શરૂ કર્યુ છે.

### કોર્ટ બહાર ગોપાલ સામે સૂત્રોચ્ચાર

ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપર જુતુ ફેંકનાર ગોપાલ ઈટાલીયાને આજે ગાંધીનગર કોર્ટમાં રજુ કરવામાં આવ્યો ત્યારે કોર્ટની બહાર એક ટોળુ ઉભુ હતુ. આ ટોળાએ ગોપાલે આચરેલા આ કૃત્યના વિરોધમાં ગોપાલ સામે ભારે સૂત્રોચ્ચાર કરી કોર્ટ સંકુલ ગજવી નાંખ્યુ હતુ. ગોપાલ ઈટાલીયા સામે સૂત્રોચ્ચાર કરનાર ટોળુ રાજપૂત સમાજનું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

**નામ-અટક બદલેલ છે**

મારું નામ ચંદ્રાવતી છોટાલાલ કોરીપટેલ હતું. જે બદલીને કુસુમબેન ભુપેન્દ્રભાઈ પટેલ કરેલ છે. જેની યોગ્ય નોંધ લેવા વિનંતી છે.

**Cange Name-Surname**

My New name is Kusumben Bhupendrabhai Patel. Instead of my old name Chandravati Chhotalal Koripatel

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

**ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**
**આદિજાતિ વિકાસ વિભાગ**
બ્લોક નં. ૮, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૨૨૫૭
રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP)
ફાઈનાન્સીયલ એડળાઈઝર કમ ઈન્ટર્નલ ઓડીટરના વર્ષ ૨૦૧૭-૧૮ની પસંદગી માટે

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રમોટેડ સોસાયટી, ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટર્નલ ઓડીટર નિમણુંક માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જેઓ C&AG દ્વારા એમપેનલ્ડ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફર્મ પાસેથી વર્ષ ૨૦૧૭-૧૮ માટે રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP) આમંત્રિત કરે છે.

(RFP)ની સંપૂર્ણ વિગતો અમારી વેબસાઈટ http://www.vky.gujarat.gov.in તથા http://dsag.gujarat.gov.in ઉપરથી મેળવી શકાશે. અથવા ઉપરોક્ત જણાવેલ સરનામા પરથી ઓફીસ સમય દરમિયાન 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત પેએબલ એટ ગાંધીનગર'ના નામનો રૂ. ૧૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ આપીને ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે.

**મહત્વની તારીખ :**

| | |
|---|---|
| (RFP) કલેક્ટ કરવાની છેલ્લી તારીખ | ૧૭/૩/૨૦૧૭ (૧૬.૦૦ કલાકે) |
| પ્રપોઝલ ડીસેગ ખાતે જમા કરાવવાની છેલ્લી તારીખ | ૧૮/૩/૨૦૧૭ (૧૬.૦૦ કલાકે) |
| ટેકનીકલ ડૉક્યુમેન્ટ ખોલવાની તારીખ | ૨૧/૩/૨૦૧૭ (૧૨.૦૦ કલાકે) |

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર

માહિતી/૨૮૭૯/૧૬-૧૭